સ્પે.દિ.મુ.નં.૭/૨૦૨૪
આંક–૩૦

પાન નં. ૧૧

**વાદીની આંક– ૩૦ની સરતપાસ લગત વધુ ઉલટતપાસ વાદી વી. વ. શ્રી.તર્ફે શ્રી ડી.બી.ત્રીવેદી**

**સોગંધ આપ્યા**

(૫) એ વાત ખરી છે કે મે અગાઉ જુબાનીમા જણાવ્યા મુજબના નગર પાલીકા દાહોદના શ્રી કન્ટ કશનનામની નોધણી કરી હોય તેનો દાખલો તથા વેટ નંબર ,જીએસટીનંબર,તથા પાન કાર્ડ નંબર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ચેકથી પ્રતિવાદીએ જે નાણા આપેલ તે મારા જે ખાતામા જમા કરાવેલ તે ખાતાનો ઉતારો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે શ્રી કન્ટકશનની રોજમેળ અને ખાતાવાહી રાખવી પડે. એ વાત ખરી છે કે મે પ્રતિવાદીના નામની ખાતાવાહી કે રોજમેળ નીભાવેલ હોય તે આ કામે રજુ કરેલ નથી.

(૬) એ વાત ખરી છે કે મે મારા સોગંધનામામા જણાવ્યા અનુસાર તા. ૧૪/૪/૧૭ના રોજના કરારના આધારે દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે તા. ૧૪/૪/૧૭નો કોઈ કરાર અસ્તીત્વમા નથી. એ વાત ખરી નથી કે તા. ૧૪/૪/૧૭નો કરાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે આંક–૫૨ –થી જે કરારરજુ કરેલ છે તે તા. ૧૩/૪/૧૭ના રોજનો છે. એ વાત ખરી છે કે આક–૫૨ વાળો કરાર રૂ.૯૫૦ સ્કેવરફીટના ભાવનો છે. એ વાત ખરી છે કે આ કરારનો સ્ટેમ્પ મારા નામનો છે અને હુ લાવેલ છે. અને તેનુ લખાણ પણ મે તૈયાર કરાવેલ. એ વાત ખરી છે કે આ કરારમા રૂ. ૯૫૦ પ્રીન્ટ કરેલા છે હાથથી લખેલા નથી. એ વાત ખરી છે કે આંક–૫૩ થી તા.૧૩/૪/૧૭નો બીજો કરાર રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ કરારનો સ્ટેમ્પ પણ મારા નામનો છે અને હુ લાવેલ છે અને તેનુ લખાણ પણ મે તૈયાર કરાવેલ. એ વાત ખરી નથી કે આ કરારમા રૂ.૧૭૭૫ જે હાથથી લખેલા છે તે મે લખેલા છે. આ કરારની ગણતરી તે મે લખેલ નથી.

પ્રિન્સી.સીની.સીવીલ જજ
દાહોદ

પાન નં. ૧૨

એ વાત ખરી છે કે આંક–પર અને આંક –પ૩ વાળા કરાર મે નોટરી સમક્ષ કરાવેલા. એ વાત ખરી છે કે મે મારા સોગંધનામામા આ બીજો કરાર લોન લેવા માટે પ્રતિવાદીએ કરાવેલ હોવાનો જણાવેલ છે. એ વાતની મને ખબર નથી કે પ્રતિવાદીએ આવી કોઈ લોન લીધેલ નથી. આંક–પર વાળા કરારમા નોટરીએ રજીસ્ટ્રેશન નંબર લખેલ ન હોવાની કોઈ ફરીયાદ મે કરેલ નથી. એ વાત ખરી છે કે જે તે સમયે આ બાબતનો મે નોટરી સમક્ષ કોઈ વાધો નોધાવેલ ન હતો. એ વાત ખરી છે કે આંક–પર વાળા કરારના તા. ૧૩/૪/૧૭ થી ત્રણ વર્ષની અંદર આ દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે પ્રતિવાદીએ મારી સામે ચેક રીર્ટનની ફરીયાદ કરેલ હતી જેનો કેસ નં. ૬૨૩/૨૦ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદીએ મારા સામે આ ફરીયાદ કરેલ ત્યારબાદ મે આ દાવો કરેલ છે. એ વાત ખરી છે કે આંક–પર વાળા કરારમા વ્યાજનો ઉલ્લેખ નથી.

(૭) એ વાત ખરી છે કે આંક–પ૪ થી આંક–પ૯ વાળા બીલોની હકીકત પુરવાર કરવા કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આક–પ૪ વાળા બીલમા ચો.ફુટના ૯પ૦ જયારે આંક–પપના બીલમા રૂ.પ૦ લખેલા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક–પપ વાળુ બીલ વધારાના કામનુ છે. એ વાત ખરી છે કે રૂ.પ૦ વાળા ભાવનુ કોઈ કરાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આક–પ૬ વાળા બીલમા કેટલા ચો.ફુટ કંપાઉન્ડ વોલ અને તેનો ભાવ બીલમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આક–પ૭ વાળા બીલમા જે ભાવ રૂ.૧૧૦૦/– લખેલ છે તેનો કરાર કે દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આક–પ૮મા કેટલા ચો.ફુટ કેટલા ભાવે કરેલ તે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આક–પ૯ વાળા બીલમા રૂ.૭૦નો ભાવ કેવી રીતે મુકેલ તેનો કોઈ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે મારા સોગંધનામામા પેરા ચારમા જણાવેલ હકીકતો પુરવાર કરવા માટે કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી.

પ્રિન્સી.સીની.સીવીલ જજ
દાહોદ

આ તબક્કે વધુ ઉલટ તપાસ માટે મુદત અરજી આવતા વધુ ઉલટ તપાસ માટે કામ મુલત્વી.

ફેર તપાસ નથી.

તા. ૦૮/૦૭/૨૦૨૬

મારી રૂબરૂ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભાળાવતા

તે ખરી અને કબુલ રાખેલ છે.

પ્રિન્સી. સીની. સીવીલ જજ ,દાહોદ.

પ્રિન્સી. સીની. સીવીલ જજ,દાહોદ

પ્રિન્સી.સીની.સીવીલ જજ
દાહોદ